પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૮/ક્વા-૦૨/૨૦૨૦-૨૧/૭૭ તા.૦૯/૧૦/૨૦૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૩૮/ક્વા-૦૨/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી દિલીપસિંહ આર.ચાવડા ગામ – જામનગર

સબડીવીઝન: પટેલ કોલોની

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જામનગર શહેર-૧

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી,જામનગર

તારીખ: શુક્રવાર (૧૮.૦૯.૨૦૨૦)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૮.૦૯.૨૦ (શુક્રવાર)નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમો અરજદાર શ્રી ઉપરોક્ત વિષય ના ગ્રાહક નંબર થી પીજીવીસીએલ નો હું કાયમી ગ્રાહક છું સાહેબ આ ગ્રાહક નંબર વાળા વીજ જોડાણ માં મને આપવામાં આવતા તમામ લાઇટ બીલો હું નિયમિત ભરપાઈ કરી આપું છું તે આપશ્રી ના રેકોર્ડ ઉપર છે.સાહેબ અમારા વીજ જોડાણમાં ઓક્ટોબર નવેમ્બર ૨૦૧૯ નું ૬૭૭૯ યુનિટનું આઘાત જનક બિલ આપવામાં આવેલ છે જેથી અમો એ આપની કચેરીમાં રજૂઆત કરતા મારી પાસે રૂપિયા

૨૫૦/- મીટર ફાસ્ટ હોય ટેસ્ટિંગ ચાર્જ ભરી આપવા જણાવેલ જે મે ભરપાઇ કરી આપેલ છે. સાહેબ આ વીજ જોડાણમાં ઓક્ટોબર નવેમ્બર ૨૦૧૯ નું ૬૭૭૯ યુનિટનું આઘાતજનક બીલ આપવામાં આવેલ છે તે પહેલા મારો એક વર્ષનો વપરાશ નીચે મુજબ છે

| SR.NO. | MONTH - YEAR | BILL CONSUMPTION UNIT |
|---|---|---|
| 1 | OCT –NOV -2018 | 12 |
| 2 | DEC –JAN -2019 | 61 |
| 3 | FEB –MAR -2019 | 269 |
| 4 | APRIL –MAY -2019 | 492 |
| 5 | JUN –JULY -2019 | 224 |
| 6 | AUG –SEP -2019 | 330 |

એક વર્ષ છ બિલ નો કુલ વપરાશ ૧૩૮૮ યુનિટ એટલે કે ૧૩૮૮/૬=૨૩૧.૩૩ યુનિટનો વપરાશ દર બે માસમાં આવેલ છે તે આપ શ્રી ના રેકોર્ડ ઉપર છે તે આપ જોઈ શકો છો

સાહેબ આ મારો વપરાશ ઓક્ટોબર નવેમ્બર ૨૦૧૯ પહેલાં થતો ત્યારબાદ મને આપેલ ૬૭૭૯ યુનિટના બિલ આપ્યા પછી મેં ભરેલા ફાસ્ટ મીટર ના ચાર્જ ભર્યા પછી મારુ મીટર બદલવામાં આવેલ તે મીટર બદલ્યા પછી નવા મીટરમાં નોંધાયેલ મારો વપરાશ નીચે મુજબ છે.

| SR.NO. | MONTH - YEAR | BILL CONSUMPTION UNIT |
|---|---|---|
| 1 | DEC –JAN -2020 | 45 |
| 2 | FEB – MAR -2020 | 2380 આપેલ અને જમા કરી આપેલ |
| 3 | APRIL – MAY -2020 | 518 |

- છ માસ નો વપરાશ ૫૬૩ યુનિટ એટલે કે ૫૬૩/૩=૧૮૮ યુનિટનો વપરાશ દર બે માસનો આવેલ છે.તે આપશ્રી નાં રેકોર્ડ ઉપર છે તે આપ જોઈ શકો છો.

નોંધ- ફેબ્રુઆરી માર્ચ ૨૦૨૦ નું બિલ ૨૩૮૦ યુનિટનું આપેલ હતું તે મને જે ઓક્ટોબર નવેમ્બર ૨૦૧૯ ના બીલ ની એવરેજ ગણીને ૨૩૮૦ યુનિટ નું બિલ આપવામાં આવેલ હતું તે બીલ મારા એપ્રિલ મે ૨૦૨૦ ના બીલ માં જમાં આપેલ છે તે આપશ્રી જોઈ શકો છો.

એટલે મારો આ ક્ષતિગ્રસ્ત મીટર બદલ્યાં પછીનો છ માસનો વપરાશ ૫૬૩ યુનિટ એટલે કે ૫૬૩/૩=૧૮૮ યુનિટ દર બે મહિના નો વપરાશ થાય છે તે પણ રેકોર્ડ ઉપર છે જે આપ શ્રી જોઈ શકો છો કે મારો વપરાશ મીટર બદલ્યાં પહેલા અને મીટર બદલ્યા પછી ઓક્ટોબર નવેમ્બર ૨૦૧૯ ના બિલ સિવાયનો એક સરખો આવે છે તેના ઉપરથી આપ જોઈ શકો છો કે મને આ કહેવાતું ૬૭૭૯ યુનિટનું બે માસ નું બિલ જે આપેલ છે તે આપના ક્ષતિગ્રસ્ત મીટર ને લીધે આપવામાં આવેલ છે.

સાહેબ મારી અરજી તેમજ ફાસ્ટ મીટર અંગે નો ચાર્જ ભરપાઈ કર્યા બાદ મીટર બદલવામાં આવેલ તેમજ મીટર નો  એમ.આર.આઈ રિપોર્ટ પણ કરવામાં આવેલ છે તે મારા રિપોર્ટમાં પણ સ્પષ્ટ દર્શાવેલ છે કે તારીખ ૨૪.૦૮.૨૦૧૯ થી ૦૪.૦૯.૨૦૧૯ સુધી એટલે કે ૧૨ દિવસના યુનિટ ૬૫૫૫ કે જે આપની લેબોરેટરીમાં આ મીટરના એમ.આર.આઈ રિપોર્ટમાં રીઝલ્ટ દર્શાવેલ છે કે ૧૨ દિવસના ૬૫૫૫ યુનિટ આવેલા છે તેમજ એમ.આર.આઈ રિપોર્ટમાં યુનિટ ની સામે લોડ માટે એમડી પણ ૧.૪૪  KW દર્શાવેલ છે તેના ઉપરથી પણ આપ શ્રી જોઈ શકો છો કે મને જે આ ઓક્ટોબર-નવેમ્બર બે માસ નું ૬૭૭૯ યુનિટ નું બીલ આપવામાં આવેલ છે તે કાયદા તેમજ કુદરતી ન્યાયના સિદ્ધાંત વિરુદ્ધનું આપેલ છે કેમકે 1.44 KW લોડ માં ૧૨ દિવસના ૬૫૫૫ યુનિટનું ન હોઈ શકે જે આપ શ્રી

સમજી શકો છો કે આ મીટર ગેરંટી સમય પછીનું અને ક્ષતિગ્રસ્ત હતું જેના લીધે આ મને કહેવાતું ૬૭૭૯ યુનિટનો આઘાત જનક બિલ આપવામાં આવેલ છે.

સાહેબશ્રી જેથી આપશ્રીને નમ્ર વિનંતી કે મને આપવામાં આવેલ આ બિલ ગેરબંધારણીય તેમજ કુદરતી ન્યાય ના સિદ્ધાંત વિરુદ્ધનું હોય આ બિલ રદ કરી મને મારા છેલ્લા ૧૨ મહિનાના તેમજ પછીના ૬ મહિનાના વપરાશને ધ્યાનમાં લઇ ને મારા વપરાશ મુજબ નું બિલ આપી અમારા જેવા કાયમી ગ્રાહકને ન્યાય આપવા વિનંતી

તે જગ્યા પર લાગેલ વીજ લોડ ની વિગત નીચે પ્રમાણે છે

ચાર પંખા

ચાર ટ્યુબ લાઈટ

ત્રણ સીએફએલ

એક ટીવી

એક રેફ્રિજરેટર

એક પાણીની મોટર

અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ગ્રાહક દ્વારા ફાસ્ટ મીટર ની અરજી કરતા અને તેનો ચાર્જ ભરપાઈ કરતા, ઓફિસ દ્વારા તારીખ ૧૨/૧૦/૨૦૧૯ ના રોજ પ્રફોર્મા-૧૫ નંબર-૪૭૮03 થી વિવાદિત મીટર બદલવા માં આવેલ.

3.૧ તારીખ ૧૭/૧૨/૨૦૧૯ ના ઓક્ટોબર-નવેમ્બર ૧૯ ના બિલિંગ સમયે મીટર ચેન્જ થતા જુના મીટરના (૧૯૯૪૮-૧૩૨૨૫) ૬૭૨૩+નવા મીટર ના ૫૬ રીડિંગનું વપરાશ મુજબનું ગ્રાહકશ્રી ૬૭૭૯ યુનિટનું બીલ આપવામાં આવેલ છે.

3.૨ તારીખ ૨૨/૧૦/૨૦૧૯ ના રોજ મીટર નું લેબ રોજકામ શીટ નંબર ૯૬3૯૭ થી કરવામાં આવેલ, જેમાં મીટરને ટેસ્ટ બેન્ચ ઉપર ટેસ્ટ લેતા પરિણામ +0.3૫% આવેલ તેમજ મીટરને કોમ્પ્યુટર સાથે જોડી એમઆરઆઈ લેવામાં આવેલ છે.

3.3 એમઆરઆઈ ડેટાનો વધુ અભ્યાસ કરતા માલૂમ પડે છે કે એમઆરઆઈ હિસ્ટ્રી-૨ માં રીડિંગ ૧૯૮૪૬.3 kwh, એમડી ૧.૪૪, એમડી તારીખ ૦૪/૦૯/૨૦૧૯ ના એમડી ટાઈમ ૨૦:30 રેકોર્ડ થયેલ છે. જે પ્રફોર્મા-૧૫ નંબર ૪૭૮03 તારીખ ૧૨/૧૦/૨૦૧૯ માં દર્શાવેલા લોડ ૦.૯૨૬ kw સાથે સુસંગત આવે છે.સદર મીટર ના હિસ્ટ્રી-3 માં રીડિંગ ૧3૨૯૧.૮ kwh, એમડી ૧.૬૫, એમડી તારીખ ૨૪/૦૮/૨૦૧૯ એમડી ટાઈમ ૨૧:30 રેકોર્ડ થયેલ છે. અને હિસ્ટ્રી-૪ માં રીડિંગ ૧3૧૮૭.૧ kwh, એમડી ૧.૧૩, એમડી તારીખ 30/૦૭/૨૦૧૯ ના એમડી ટાઈમ ૦૫:30 રેકોર્ડ થયેલ છે.આમ હિસ્ટ્રી-૨ અને હિસ્ટ્રી-3 વચ્ચે ૧૨ દિવસમાં ૬૫૫૪.૫ kwh રેકોર્ડ થયેલ છે. જે દર્શાવે છે કે સદર મીટરમાં અસાધારણ રીડિંગ થયેલ છે. જેથી વધુ ખરાઈ અર્થે નાયબ ઈજનેરશ્રી દ્વારા એચપીએલ કંપનીના પ્રતિનિધિશ્રી સાથે ટેલિફોનિક વાતચીત આજરોજ તારીખ ૧૭/૦૯/૨૦૨૦ ના કરતા જણાવેલ છે કે સદર મીટર ફોલ્ટી છે.

૩.૪ તારીખ ૧૬/૦૯/૨૦૨૦ ના રોજ સ્થળ તપાસ કરતાં ગ્રાહકશ્રી ના નવા મીટર નંબર પીજીએસટી-૦૨૦૧૮૯૩૩ ને તારીખ ૧૨-૧૦-૨૦૧૯ ના રોજ "૨૮" યુનિટ થી મુકેલ જેના હાલના ૧૧૨૨ યુનિટ પહોચેલ છે.આમ કુલ ૩૪૦ દિવસ નો વપરાશ (૧૧૨૨-૨૮) ૧૦૯૪ યુનિટ નોધાયેલ છે.

**:: હુકમ ::**

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ પીજીવીસીએલ કંપની દ્વારા સદર અરજદારશ્રી ની માંગણી મુજબ મીટર નો એમઆરઆઈ ડેટા લીધેલ છે,જે દર્શાવે છે કે તે સદર મીટર માં અસાધારણ રીડિંગ થયેલ છે.

૪.૨ અરજદારશ્રી ની રજૂઆત પ્રમાણે લેબોરેટરી અને એમઆરઆઈ ના રિપોર્ટ મુજબ અગાઉનો સરેરાશ વપરાશ તેમજ મીટર બદલ્યા પછીનો સરેરાશ વપરાશ ને ધ્યાને રાખી સદર અરજદારશ્રી ને તે મુજબ ના યુનિટ નું બિલ પીજીવીસીએલ કંપની ના ન્યાયિક નિયમાનુસાર આપવા અત્રે ફોરમ દ્વારા નિર્ણય કરવામાં આવે છે.

૪.૩ સદર કેશ માં અરજદારશ્રી ને જણાવવામાં આવે છે કે વિવાદિત રકમ બાકી રાખી,ચાલુ બિલ ના નાણાં નીયમીત રીતે ભરપાઈ કરવા ની સૂચના અત્રે થી આપવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯